<u>મુદામાલ અરજીલગત હુકમ</u>

(૧) અરજદારની અરજીની, રજુ દસ્તાવેજી પુરાવા, પોલીસ પેપર્સ, રજુ થયેલ પંચનામુ તથા મુદામાલ પાવતી તથા ચાર્જશીટ વંચાણે લીધી.ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રી તથા અરજદાર તરફે વિ.વકીલશ્રી ની વિસ્તૃત રજુઆત સાંભળી.

(૨) અરજદારે પોતાની સદર અરજી રજુ કરી જણાવેલ છે કે તેઓની માલીકીની હોન્ડા સીટી ગાડી,જેનો રજી.નં.GJ-01-KN-2243 શામળાજી પો.સ્ટે.ગુ.ર .નં.૧૧૧૮૮૦૧૦૨૬૦૩૨૬/૨૬ પ્રોહી.એકટની કલમ–૬૬(૧)બી,એમ.વી.એકટ કલમ ૧૮૫ ના કામે કબજે કરેલ છે.અરજદારે સદરહુ મુદામાલ પોતાની માલીકીનું હોવા અંગે આર.સી.બુક ની નકલ રજુ કરેલ છે. જેમા હયુન્ડાઈ કંપનીની ક્રેટા ગાડી, જેનો રજી.નં.GJ-01-KN-2243 દ ર્શાવેલ છે તેમાં હાલના કામના અરજદારનું નામ દર્શાવેલ છે જેનાથી અરજીને સમર્થન મળે છે. તેમજ આ કામે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં મુદ્ધામાલ અરજદારની માલીકીનો હોવાનું પુરવાર થાય છે. તેમજ સદરહુ મુદ્ધામાલ અંગે અન્ય વ્યકતીઓ કે પોલીસ દ્વારા પણ માલીકી અંગેની કોઈ તકરાર લેવામાં આવેલ નથી કે કોઇ વાંધા રજુ કરેલ નથી.સદર કામે ચાર્જશીટ થઈ ગયેલ છે. આમ તમામ સંજોગોને ધ્યાને લેતાં તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા એ.આઈ.આર. ૨૦૦૩ (એસ.સી.) પાના નં. ૬૩૮ સુંદરલાલ અંબાલાલ દેસાઇ વિ.સ્ટેટ ઓફ ગુજરાત વાળા ચુકાદામાં પ્રસ્થાપીત થયેલા સિધ્ધાંતો અને માર્ગદર્શન ને લક્ષમાં લેતાં સદરહુ મુદ્ધામાલ પોલીસ સ્ટેશનમાં વધુ સમય પડી રહે તો તેની બેટરી, કલર, સ્પેરપાટર્સ ને નુકશાન થવાની સંભાવના હોય સદરહુ અરજી સબંધી વચગાળાની કસ્ટડી તરીકે મુદામાલને તેનાં માલીકને પરત સોંપવાનું રહે છે ત્યારે યોગ્ય અને ઉચીત શરતોને આધીન સોંપવાથી ન્યાયની સમતુલા જળવાઇ રહેશે તેવુ મારુ નમ્રપણે માનવુ છે અને તેથી વિશાળ હીતમાં અરજદારની અરજી ગ્રાહય રાખી બીજો હુકમ થતાં સુધી અરજદારને મુદામાલ પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે.

<u>::–હુકમ–::</u>

અરજદાર સુથાર અંકિત ભાસ્કરભાઈની મુદ્દામાલ પરત મેળવવાની અરજી મંજુર કરવામાં આવે છે.

શામળાજી પો.સ્ટે.પ્ર.સે.ગુ.ર.નં.૧૧૧૮૮૦૧૦૨૬૦૩૨૬/૨૦૨૬

પ્રોહી.એકટની કલમ– ૬૬(૧)બી,એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબના કામે અટક કરેલ મુદ્દામાલ હયુન્ડાઈ કંપનીની ક્રેટા ગાડી, જેનો રજી. નં. GJ-01-KN-2243 ને નીચેની શરતોને આધીન અરજદાર પંચનામામાં જણાવેલ કિંમતની દોઢ ગણી કિંમત ની રકમના સધ્ધર જામીન અને તેટલીજ રકમનાં જાતમુચરકા રજુ કરેથી વચગાળાની કસ્ટડીએ કામચલાઉ ધોરણે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

– શરતો–

(૧) અરજદારે મુદ્દામાલ વાહન અદાલત જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનું રહેશે.

(૨) અરજદારે પોતાના રહેઠાણનું અને ધંધાનું સરનામું સોગંદ ઉપર જાહેર કરવાનું રહેશે.

(૩) અરજદારે મુદ્દામાલ વાહન ના હાલના કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવો નહીં કે કબજો સોંપવી નહી.

(૪) મુદ્દામાલ અંગેના જામીન અત્રેની અદાલતમાં રજુ રાખવા.

(૫) અરજદારે વાહન ની કોઇ ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ સંડોવણી કરવી કરાવવી નહીં.

હુકમની ચાદી સબંધીત પો.સ્ટે. ને કરવી.

હુકમ આજરોજ તા.૨૦મી,માહે.જૂન,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૦/૦૬/૨૦૨૬
મુકામ: ભીલોડા

(તુષારકુમાર.વીરાભાઈ પરમાર)
એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
UID CODE GJ01084